# Std 12 Gujarati Textbook Solutions Chapter 14 મોરનાં ઈંડાં

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. ગામમાં વળાવિયાનું કામ કરનાર જાણીતી વ્યક્તિ કોણ હતી?**

ઉત્તરઃ

ગામમાં વળાવિયાનું કામ કરનાર જાણીતી વ્યક્તિ મહીજી બારેયા હતી.

**પ્રશ્ન 2. કબુને લેવા માટે શેઠે શી વ્યવસ્થા કરી હતી?**

ઉત્તરઃ

ખંભાતના કિલાચંદ શેઠની દીકરી કબુને સારા દિવસો હતા. એ મુંબઈથી આણંદ આવી ત્યારે એને સહીસલામત ખંભાત લઈ જવા માટે બે ગાડીવાન અને મુનીમને શેઠે સ્ટેશન મોકલ્યા હતા.?

**પ્રશ્ન 3. મહીજીએ દીકરાને ખુશ થઈને કેવા શબ્દો કહ્યા?**

ઉત્તરઃ

પુત્રને શાબાશી આપતાં મહીજીએ કહ્યું કે, "શાબાશ દીકરા હવે મને ખાતરી થઈ ગઈ છે કે તું મારું નામ નહીં બોળે! જા ફતે કર!"

**પ્રશ્ન 4. માણેક મુનીમ શા માટે મહીજીને ઘેર ગયા?**

ઉત્તરઃ

કબુ પાસે ઘણું જોખમ હતું. તેથી મુનીમજી મહીજીને વળાવિયા તરીકે લઈ જવા તેના ઘેર ગયા.

### 2. નીચેના પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવા પાછળનો મુનમનો શો આશય હતો?**

ઉત્તરઃ

ખંભાતના કિલાચંદ શેઠની દિકરી કબુ સારા દિવસો લઈને મુંબઈથી આણંદ આવી. એને સહીસલામત ખંભાત લઈ જવા માટે બે ગાડીવાન અને મુનીમ સ્ટેશને આવ્યા. કબુ પાસે ઘણું જોખમ હતું. તેણે ખૂબ દાગીના પહેર્યા હતા. રસ્તો ખૂબ જોખમ ભરેલો હતો માટે બુની સલામતી માટે મુનીએ જણસોને ઉતારીને દાબડામાં મૂકી દેવાનું કહ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. બધો વળાવિયે જવા તૈયાર થયો એ વાતની એની માતા પર શી અસર થઈ?**

ઉત્તરઃ

મુનીમજી વળાવિયા તરીકે મહીજીને બોલાવવા આવ્યા ત્યારે મહીજી ઘર પર ન હતા. મહીજીનાં પુત્ર બુધાએ આ વાત સાંભળી લીધી. અને એ પિતાની જગ્યાએ વળાવિયા તરીકે જવા તૈયાર થયો. આ જાણીને બુધાની માને રૂંવે – રુવે આનંદ પ્રગટ્યો. એના મોં પર શાબાશીની સરવાણી ફૂટી નીકળી. હરખાઈને એ બોલીઃ 'તું કેડે તલવાર બાંધે તે કરતાં મારે બીજો ક્યો રૂડો દા'ડો હોય?

**પ્રશ્ન 3. જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવાની મુનીમની વાત વજેસંગ અને દલભાઈને શા માટે** પોતાનું અપમાન કરનારી લાગી?

ઉત્તરઃ

વજેસંગ અને દલભાઈ ગાડીવાન હતા. તેઓ બહાદુર અને વિશ્વાસુ હતા. તેઓ જો સાથે હોય તો લૂંટાવાનો ભય ન રહેતો એવી એમની હાંક હતી. પણ માણેક મુનીમ ડરપોક હતા. વળી રસ્તો ખૂબ જોખમ ભરેલો હતો માટે કબુની સલામતી માટે માણેક મુનીમે જણસોને ઉતારીને દાબડામાં મૂકી દેવાનું કહ્યું. આ સાંભળીને વજેસંગ અને દલભાઈને અપમાન જેવું લાગ્યું.

## 3. સવિસ્તર જવાબ લખો.

**પ્રશ્ન 1. "મોરનાં ઈંડાં" શીર્ષક સમજાવો.**

ઉત્તરઃ

ગુજરાતી સાહિત્યમાં પત્રકાર, નવલકથા અને ટૂંકી વાર્તા ક્ષેત્રે ખ્યાતિ મેળવનાર ઈશ્વર પેટલીકરે પ્રસ્તુત વાર્તામાં, "માતા – પિતાના સંસ્કારો સંતાનોમાં આપોઆપ આવે છે, તે કેળવવા પડતાં નથી' એ યથાર્થ રીતે રજૂ થયું છે.

ખંભાતના કિલાચંદ શેઠની દીકરી કબુ સારા દિવસો લઈને મુંબઈથી આણંદ આવી. એને સહીસલામત ખંભાત લઈ જવા માટે બે ગાડીવાન અને મુનીમ સ્ટેશને આવ્યા. કબુ પાસે ઘણું જોખમ હતું. તેથી મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઈ જવાનું નક્કી કર્યું.

પુત્રની કસોટી કરતો મહીજી અને પોતાની ફરજ બજાવતા પિતા પર ઘા કરતો પુત્ર બધો ખરેખર જીવંત પાત્ર હોય એમ આપણાં મનમાં વસી જાય છે. પુત્રનો ઘા ઝીલીને પણ તેની નીડરતા, શૂરવીરતા અને સ્વધર્મપાલનના ગુણોની પિતા પ્રશંસા કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અહીં, પિતાની પુત્ર માટેની ખુમારી અને ગર્વની લાગણી સાથે જીવનમૂલ્યની ઓળખ પણ સ્પષ્ટ થાય છે.

વાર્તામાં પુત્રના પરાક્રમથી હરખઘેલી બનેલી મા, ડરપોક મુનીમ,? ગભરુ કબુ, નીડર તથા સ્વમાની વજેસંગ અને દલભાઈના પાત્રો વાર્તાને વધારે જીવંત બનાવે છે. "મોરનાં ઈંડા ચીતરવા ન પડે એ કહેવત બુધા અને મહીજીના પાત્ર દ્વારા અહીં ખરેખર સિદ્ધ થાય છે.

**પ્રશ્ન 2. મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી?**

ઉત્તરઃ

ઈશ્વર પેટલીકર લિખિત "મોરનાં ઈંડાં' વાર્તામાં મહીજીનું પાત્ર એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. કબુને આણંદથી ખંભાત પહોંચાડવા મુનીમ અને ગાડીવાન વજેસંગ અને દલભાઈ નીકળ્યા. પડોળીની ભાગોળે આવતા જ સૂર્યાસ્ત થઈ ગયો. મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઈ જવાનું નક્કી કર્યું.

પુત્રની કસોટી કરવા પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રક્ષણ કરવા ગયો હતો એ જ ગાડાને લૂંટવા રસ્તો રોકીને ઊભો રહ્યો. પણ તેણે બધાને ખસી જવા પડકાર કર્યો. બધાએ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે "અલ્યા બાપુ! મારું માની જા અત્યારે તું મારો બાપ નથી, હજી શરમ રાખું છું ત્યાં સુધી.

નહીં તો જોયા જેવી થશે." પણ મહીજી ખડગની પેઠે અડીખમ રહ્યો. ત્યારે બધાએ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર કર્યો. પરંતુ મહીજી તો પુત્રની નેકીની કસોટી કરતો હતો. તેણે પુત્રને શાબાશી આપતાં કહ્યું કે, "શાબાશ દીકરા હવે મને ખાતરી થઈ ગઈ છે કે તું મારું નામ નહીં બોળે." આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને ઈમાનદારીની પરીક્ષા કરી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in